લોકોએ ચટાકેદાર પાણીપૂરી, Fusion Sevpuri, પાઉંવડા, શરબત, દાબેલી, Moctails, Juices, ખીચયું, Brawny, Ice Creme, Milkshakes, કપ કેકસ, નાચોસ, પાવભાજી, મુખવાસનો આસ્વાદ માણ્યો હતો. Games ના વિવિધ Stalls પર લોકોએ ખુબ જ હોંશથી રમીને Stall holders નો ઉત્સાહ વધાર્યો હતો. તેમજ વિવિધ વસ્તુ વેંચાણના Stall ની વૈવિધ્યસભર વસ્તુઓની ખરીદી કરીને લોકોએ તેમને પણ નિરાશ નહોતા કર્યા.

અમે અમારા બનતા તમામ પ્રયત્નો સાથે શ્રેષ્ઠ કાર્યક્રમ આપવાનો પ્રયાસ કર્યો હતો અને અમને એનો ખૂબ જ હકારાત્મક પ્રતિસાદ સાંપડયો છે. આથી અમારો હોંસલો (Willpower) ઘણો બુલંદ બન્યો છે અને ભવિષ્યમાં અમે હજી વધુ સારા કાર્યક્રમો આપવાની અમારી ૧૦૦% કોશિશ રહેશે.

મારા કમિટિ મેમ્બર્સનો હું હૃદયપૂર્વક આભાર માનું છું કારણ કે તેમના સાથ અને સહકાર વગર આમાનું કશું જ શક્ય ન હતું. અંતમાં હું એ સૌનો આભાર માનું છું કે જેમણે પ્રત્યેક્ષ અને પરોક્ષ રીતે અમારા આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ અમને ખૂબ જ મદદ કરી હતી.

જે જે ગોકુલેશ

**મંત્રી : અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

**સંયોજક : મનીષા નિલેશ કડકિઆ**

## ખાસ નોંધ

અનિવાર્ય સંજોગો અનુસાર મહિલા વિભાગનો વર્ષ ૨૦૨૩-૨૦૨૪ નો બીજો કાર્યક્રમ 'શ્રી ગિરીરાજની માનસી પરિક્રમા' નો કાર્યક્રમ જે તા. ૨૨-૭-૨૦૨૩, શનિવારે બપોરે ૨.૩૦ કલાકે રાખવામાં આવ્યો હતો તે રદ્દ કરવામાં આવ્યો છે.

## નવો કાર્યક્રમ

# 'ભક્તિ અધિક'

અધિક માસ દરમિયાન કોઈપણ શુભકાર્ય કરવામાં આવતાં નથી પરંતુ આ મહિનો ભગવાન કૃષ્ણનો જે વિષ્ણુના જ અવતાર છે તેમને આ અધિકમાસ અત્યંત પ્રિય છે. માટે આ મહિનામાં ધાર્મિક કાર્ય કરવાનો અધિક મહિમા છે. તો ચાલો આપણે પણ સાથે મળીને શ્રી કૃષ્ણનાં આ પ્રિય મહિનામાં તુષાર ત્રિવેદી ના સંગાથે 'ભક્તિ અધિક' કરી અલૌક્કિ આનંદનો લાભ પ્રાપ્ત કરીએ.

### નવી તારીખ, સમય અને સ્થળ

શનિવાર, તા. ૦૫-૦૮-૨૦૨૩ના રોજ બપોરે ૨.૩૦ કલાક, સ્થળ : શારદા વિદ્યા મંદિર, લોઢા હોલ, ગામદેવી ખાતે રાખવામાં આવેલ છે.

આ કાર્યક્રમના પાસની રકમ રૂપિયા ૧૫૦/- રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમના પાસ કોઈપણ કમિટી મેમ્બર્સ પાસેથી લઈ શકાશે.

આ કાર્યક્રમ તેમજ આવનાર દરેક કાર્યક્રમમાં મેમ્બરશીપ કાર્ડ સાથે લાવવું જરૂરી અને ફરજિયાત છે.

**મંત્રી :** **અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

**સંયોજક :** **મનીષા નિલેશ કડકીઆ (૯૯૨૦૩૪૭૩૨૨)**


SHAH & SHAH ENTERPRISE
1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.
022 - 2201 7283
info@shahent.co.in
www.shahent.co.in
+91-98198 17568 / 98670 13920
Lohar Chawl Talk Free Extension – *743
Authorized Stockists:
MERSEN
Expertise, our source of energy
Solar PV Fuse
Time Delay Fuse
Midget Fast-Acting Fuse
UltraSafe™ FuseHolder
Protistor fuse (all sizes)
BS Semiconductor fuse
Semiconductor
SPDs
CAT5E
CAT6
CAT6A
D-Link®
Building Networks for People

# જીવન : એક ખેલ

- કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)

## શબ્દની શક્તિ

જે માણસ શબ્દની શક્તિને ઓળખે છે તે વાતચીતમાં ઘણો સાવધ રહે છે. પોતાના ઉચ્ચારેલા શબ્દો વડે માણસ સતત પોતાને માટે નિયમો બનાવતો રહે છે.

હું એક માણસને ઓળખું છું. તે હંમેશા કહેતો,'હું જેવો સ્ટોપ પર પહોંચુ કે હંમેશા બસ ઉપડી જ ગઈ હોય છે.' તેની દીકરી કહેતી,'મેં કોઈ દિવસ બસ ગુમાવી નથી. જેવી હું સ્ટોપ પર પહોંચુ કે બસ આવી જ હોય છે.'

આવું વરસો સુધી ચાલેલું. એ બંન્નેએ પોતાના જુદા નિયમો બનાવેલા. એકે નિષ્ફળતાનો, બીજાએ સફળતાનો.

અંધશ્રધ્ધા કે વહેમમાં જ માણસ કામ કરતો હોય છે. લોકો કેટલીક વસ્તુને શુકનિયાળ ને બીજી વસ્તુઓને અપશુકનિયાળ લેખતા હોય છે. પણ ખરી રીતે તો દરેક વસ્તુ પાછળ ભગવાનની શક્તિ જ આવી રહેતી હોય છે. અને તેથી કોઈ વસ્તુ અપશુકનિયાળ નથી, કશું જ અનિષ્ટ નથી. મારા એક મિત્રને નિસરણી હેઠળથી ચાલતાં ખૂબ જ ડર લાગતો. મે તેને કહ્યું,'તું ભય પામે છે એનો અર્થ એ કે તું બે સત્તામાં માને છે. શુભની અને અશુભની.'

પરમાત્મા એક જ છે, તે શુભ છે. માણસ પોતે પોતાના ખ્યાલમાં રહી અશુભ ઊભું કરે છે. અશુભની પોતાની કોઈ શક્તિ નથી. તેવું માનવાથી બિનદાસ્ત નિસરણી હેઠળથી ચાલી જવાના નિશ્ચયથી ભયથી મુક્ત રહી બહાર નિકળવાથી શુભવિચારે ડર નાબુદ થયો. આ વિરોધનો નિયમ છે, જેને બહુ ઓછા લોકો સમજે છે.

ભયની સ્થિતિનો નિર્ભયતાથી સામનો કરો અને સામનો કરવા માટે પરિસ્થિતિ રહેતી જ નથી પોતાના જ વજનથી તે તૂટી પડે છે કારણ કે નિર્ભયતાએ ભયને હટાવી દીધો.

આમ,'ન દેખાતા પરિબળો' માણસની જાણ વગર અથવા જાણ બહાર કામ કરતાં હોય છે. શબ્દોની આંદોલનનાત્મક શક્તિને લીધે માણસ જે કોઈ શબ્દબદ્ધ કરે, તે તેના ભણી આકર્ષાઈ આવે છે. માણસ એકવાર શક્તિ શબ્દને સમજે પછી તે શબ્દો વિશે અસાવધ રહી શકતો નથી. 'ગપ્પા' મારવાં જેમાં વિનાશક શબ્દ પ્રયોગ જેમાં દુઃખ, રોદણાં, માંદગીની જ વાતો મુખ્યત્વે કરવી એ નુકશાન કરતા છે.

માણસે પોતના શબ્દો ત્રણ હેતુ માટે વાપરવા જોઈએ : સાજા કરવા આશિર્વાદ આપવા અથવા સમૃદ્ધ થવા. તે કોઈનું ખરાબ નસીબ ઈચ્છે' તો પોતાના માટે જ ખરાબ

શાસ્ત્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)
SANKALP ASTROLOGIST CONSULTANT
JYOTIRVID (MUMBAI)
જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ
(મૂડેતી - અમદાવાદ)
જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
નારાયણ બલી, ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર
૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,
બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨
Email : bhattgopal59@gmail.com

નોતરે છે. સફળતા ઈચ્છે તો પોતાની જ સફળતા ભણી આગળ વધે છે. સ્પષ્ટ દર્શન અને ઉચ્ચારિત શબ્દો વડે શરીરનો કાયાકલ્પ કરી શકે છે અને રોગ સંપૂર્ણપણે ભુંસાઈ જાય છે. શરીરને સાજું કરવા માટે મનને સાજું કરવું જોઈએ. આ મન એટલે અર્ધજાગૃત ચિંતા જેને 'ખોટા વિચારો' થી સદા બચાવતા રહેવું જોઈએ.



દ્રેષ, ગુસ્સો અને ધિક્કાર આવે ત્યારે તમો મક્કમ મને વિચારોને કહો, 'હે, ભગવાન, હું ધિક્કારવા લાગું એવું ન થવા દેશો.' તેથી પોતાની જાત પ્રત્યે, દુનિયા પ્રત્યે શાંતિનો ભાવ પથરાવવાથી જ પોતાના પીડાતા રોગોનો પણ અંત આવે તેના દ્રઢપૂર્વક પ્રયાસો છે.

દાખલા રૂપે, સતત ટીકા કરવાથી રૂમેટિઝમ તેમજ સંધિવા, અસંવાદી ટીકાભર્યા વિચારો લોહીમાં અકુદરતી દ્રવ્યોની જમાવટ અને સાંધાઓને સ્થિર થઈ રહે છે. ઈર્ષા, ધિક્કાર, ક્ષમાનો અભાવ, ભય વિવિધ રોગો જન્માવે છે. ક્ષમાશીલતાનો અભાવ એ રોગોનું બહુ મોટું કારણ હોય છે. એ નસોને કે લિવરને સખત બનાવી દે છે, આંખની દ્રષ્ટિને અસર કરે છે. આથી જાગ્રત પ્રબુધ્ધ માણસ પોતાના વ્યવહારને સંપૂર્ણ સુંદર બનાવવાનો પ્રયત્ન કરે છે. જો આશીર્વાદનો ભાવ સેવો, તમારું ક્યારેય નુકશાન નથી કરી શકતો.

ટૂંકમાં પ્રેમ અને શુભેચ્છા અંદરના શત્રુઓનો નાશ કરે છે અને તેથી બહાર પણ કોઈ શત્રુઓ રહેતા નથી કારણ કે જેવું અંદર હોય છે તેવું જ બહાર હોય છે.

❁ ❁ ❁


**વધાઈ** **વધાઈ** **વધાઈ**





**શ્રી ગોકુલેશો જયતિ**

**પરમ ભગવદીય વૈષ્ણવ**

**: હાર્દિક આમંત્રણ :**

**શ્રી શ્રીનાથજીબાવાની અસીમ કૃપાથી આચાર્યચરણ**

**શ્રી મહાપ્રભુજીના ચૌર્યાસી બેઠકની ઝાંખી** તથા

**શ્રી યમુના મહારાણીના ૪૧ પદનું ગુણગાન**

**: પ્રેરક ઉપસ્થિતી :**

**પૂ.પાદ. ૧૦૮ શ્રી પ્રશાંતબાવાના આર્શીવચન**

**: સંચાલક :**

**ઉર્મિલાબેન વોરા (કિર્તનગાન) તથા સખીવૃંદ**

**સમય : ૩ થી ૬, તા. ૧૧-૮-૨૦૨૩, શુક્રવાર, સ્થળ : લોહાણા મહાજનવાડી, સી.પી. ટેંક, મુંબઈ**

**: નિમંત્રક :**

**સ્વ. પ્રેમિલાબેન ચંદ્રકાન્ત શાહ (હાથીખાનાવાળા) તથા પરિવાર**

**: વધુ માહિતી માટે સંર્પક : મીતા તુષાર શાહ - ૯૮૨૦૪ ૮૩૫૬૮**

# ઈચ્છા, આશા અને અપેક્ષાઓની શરારત

- ડૉ. કુમુદ પ્રમોદ ધારીઆ

માણસ જાત તીવ્ર, ચપળ, સતેજ, બુદ્ધિશાળી. આપણા રોજીંદા નિત્યક્રમમાં આયોજન કરતા રહેવાની ક્રિયા સ્વાભાવિક હોય છે. સમયપત્રક તીવ્ર યાદશક્તિ ધરાવતા મગજમાં ગોઠવી રાખવું પડે છે. સવારે જાગતા પ્રથમ ક્રિયા આ જ હોય છે. આપણા આયોજન પ્રમાણે કામ પૂરા કરતા રહેવું પડે છે. કામ પૂરા ન થાય તો અકળામણથી માન આક્રોશિત થઈ ઉઠે છે. દા.ત. ઓફિસ સમયસર પહોંચવું છે. વરસાદની મોસમ છે, પણ ઓફિસ જતી વખતે આપણને વરસાદ ન પરવડે. શાળાએ જતા બાળકોને વરસાદમાં રમી લેવાની ઈચ્છા જાગે છે પરંતુ ભીંજાવવાની રમત ન પરવડે કારણ કે શાળાના શિક્ષક અને ઘરે માતા-પિતાની ડાંટ ખાવાની તૈયારી બાળકની નથી હોતી, તેથી બાળક વરસાદને ખોટા સમયે નથી આવકારતો. જોવા જઈએ તો આપણે દરેક ક્ષેત્રમાં કુદરત સાથે વિરોધાભાસ છે. સૃષ્ટિ સાથેનો તાલમેલ આપણે જ કરવો પડે. સૃષ્ટિ પોતાનું આયોજન તો ન કરી શકે ને? પણ આપણે બુદ્ધિશાળી માનવ આપણું ચાલે તો વરસાદનું પણ ટાઈમ ટેબલ ગોઠવી દઈએ. આપણા સ્વાર્થ માટે, આપણા ધારેલા કામોની ઈચ્છા પૂરી કરવા બીજાના કામોના નુકશાનનો ગેરફાયદો તો ન જ લેવાય ને? દા.ત.



આપણે જાણીએ છીએ કે, વરસાદ તો ધરતી પર વરદાન છે. સૃષ્ટિ લીલીછમ વરસાદ થકી જ હોય છે. ફક્ત સૃષ્ટિ જ નહીં માનવ જીવન પણ વરસાદ થકી જ છે ને? તો વિચાર એ છે કે, વરસાદ સૃષ્ટિને લીલીછમ કરી દે પણ શહેરને તો એ ગંદકીથી ખરડી મૂકે છે ને? આપણી મુશ્કેલીઓને આસમાને પહોંચાડી દે છે. કટાણે વરસાદ પડે એ વરસાદની શરારત કે માનવીની? આપણે રોજીંદા કાર્યોનું સમયપત્રક બનાવી રાખ્યું હોય એ ઉલટ-પુલટ થઈ જાય એ આપણને ન પરવડે પરંતુ ધરતીની આહટનું શું? મોરના ટહૂકાનું શું? મોર નૃત્ય કરે છે તે આપણા માટે નથી કરતો. એથી કળાના આનંદને માણે છે. તેથી ના છૂટકે પણ માનવ જાતને સૃષ્ટિના ટાઈમ ટેબલના અનુયાયી થવું પડે પણ એથી આપણી મુશ્કેલી દૂર થાય ખરી? સૃષ્ટિ તો પોતાના સમયપત્રકને ગણીને જ ચાલે છે. એ સમયપત્રકની જાણ ધરતી પર જીવનારા દરેક જીવને હોય છે, પરંતુ માનવ અભિમાન... વરસાદ આપણી સાથે તાલમેલ જાળવે એ અપેક્ષા રાખે છે. માણસનું ધાર્યું ન થાય તો આદત પ્રમાણે હંમેશા દોષ બીજા પર ઢોળે છે. માની લઈએ કે કુદરત સમયપત્રક બનવે તો મોસમનો વરસાદ. એક ખેડૂત પૂજા કરી આવકારે અને ઓફિસ જનારા મનુષ્ય શાળાએ જતા ટીચરો કે બાળકો કે પછી પાપડ વણી સૂકવી બે પૈસા કમાતા લોકો એને નકારે. બિલ્ડીંગો ચણતા કોન્ટ્રેક્ટરો તો સૃષ્ટિને પણ લાલચ આપવાનું વિચારી શકે, કારણ કે માણસ બુદ્ધિશાળી! આમ માનવ દુનિયામાં આવા તો કંઈ કેટલાય વિરોધાભાસ હોય છે, તો અહીં પ્રશ્ન તો એ થાય કે

વરસાદ કોને ધ્યાનમાં રાખી વરસે ? આપણી અવનવી અપેક્ષાઓ તો સતત ચકરાતી રહે છે. અપેક્ષાઓ સંપન્ન થતાં આનંદમાં રાચીએ, ઈશ્વર તત્વને વંદન કરી જાતને ઋણી માનીએ અને અપેક્ષાઓ ધારેલા પરિણામ ન પામે તો ઈશ્વર શ્રધ્ધા : અશ્રધ્ધામાં પરિણમે !

શ્રીમદ્ ભાગવત ગીતામાં અપેક્ષા સાથે અનપેક્ષ શબ્દ પણ ઉચ્ચારાયેલો છે. વરસાદ સાચા અર્થમાં તો અનપેક્ષ જ તો છે. વરસાદ થકી લીલીછમ સૃષ્ટિ અને શહેરોમાં થતી ગંદકી, પાણી ભરાતા ઊભરાતી ગટરથી વરસાદ તો પર છે. શહેરની ગંદકી અને વરસાદને શું લાગે-વળગે ? વરસાદ તો કુદરતી છે. જ્યારે ઊભરાતી ગટરો અને ગંદકી તો માનવ રચિત છે. વરસાદનું સૌંદર્ય તો એના અનપેક્ષ સમર્પણમાં જ રહેલું છે. કુદરત વર્ષા પોતાના સ્વાર્થ માટે નથી રેલાવતી. ધરતી પર રહેનારા માનવોને અનાજ અને શાતા આપવા જ વરસે છે ને ? કટાક્ષની એક વાત - વરસાદ પડે છે નીચે તરફ, માનવની સામાન્ય ભાષામાં તો કહી શકાય વરસાદનું તો પતન થયું. આપણી ભાષામાં તો જે નીચે પડે તેનું પતન થયું જ ગણાય છે ને ? જ્યારે કોઈ મોટા ગાર્ડનમાં ફુવારાનું પાણી ઉપર તરફ જાય.

કુદરત રચિત ઉપરથી નીચે વરસતો વરસાદ અધોગામી કહેવાય અને એને માનવ રચિત ફુવારાનું પાણી ઉપર તરફ જાય તો એ ઉર્ધ્વગામી ગણાય. આવા તો ઘણાંય દાખાલાઓ માનવ સમાજ સાથે વણાયેલા છે. દા.ત. કોઈ એક ગૃહિણી મદદ માટે નોકરાણી રાખે અને એ નોકરાણી ક્યારેક ઘરની રાણી પણ થઈ જાય, તો શું માનવું ? નોકરાણી રાખવી કે ન રાખવી? આપણી સ્ક્રીપ્ચરમાં વાત છે કે, સદીઓ પહેલા રાજા યયાતિએ લાંબા જીવન માટે સગા દીકરાઓ પાસેથી યુવાનીની અપેક્ષા રાખી જ હતી ને ? આ અપેક્ષિત સ્વાર્થને શું કહેવાય ? માન્ય કે અમાન્ય ? યયાતિને બે સુંદર રાણીઓ દેવયાની અને શર્મિષ્ઠા. ચાર પુત્રો, યયાતિની અપેક્ષાઓનો કોઈ અંત ન હતો. એની ઈચ્છિત આકાંક્ષાઓને સાર્થક કરવા એણે સંત શુક્રાચાર્યની સંજીવની દ્વારા પોતાના સગા દીકરાની યુવાની માંગી લીધી હતી. માતા સીતા જંગલમાં શ્રીરામ પ્રભુ સાથે હતા ત્યારે એમને સોનાના હરણનું આકર્ષણ થયું. એમની ઈચ્છાપૂર્તિ માટે શ્રી રામ પ્રભુ હરણની પાછળ દોડયા અને બીજી બાજુ માતા સીતાનું હરણ થયું. માતા સીતાને સોનાના હરણને બદલે સોનાની નગરી મળી. આમ ઈચ્છા, આશા, અપેક્ષા શરારત જ રમી ગઈ ને ? નિયતિએ રમેલી બાજી શરારતી જ બની રહે ને ?

આજના સમયમાં ઘણાં યુવાનો - યુવતીઓને લગ્ન કરવાની ઈચ્છા હોય છે, પરંતુ જીવનસાથીની પોતાની અપેક્ષામાં સમાય એવું પાત્ર નથી મળતું. આખરે સમાધાન સધાય છે. ઈચ્છા વિરુદ્ધ સમાધાન કરવું જ પડે છે ને. પ્રત્યેક માનવને અપેક્ષિત જીવન જ જીવવું હોય છે. લાંબા સમય સુધી ઈચ્છિત ફળની અપેક્ષા રાખી સમય વિતાવે છે. આખેર અધીરાઈ, વ્યગ્રતા મન-વિચારો પર કાબૂ મેળવી લઈ પરેશાની વધારે છે. સમાધાન કરવાનો નિશ્ચય કરવો પડે છે અને અપેક્ષાઓને હુકરાવી પડે છે. તો બોધપાઠ તો સમભાવની આવશ્યકતાનો જ છે ને ? સંજોગો સાથે સમાધાન જ માનવ જીવનમાં મહત્વનું છે. ઈચ્છા-અપેક્ષાઓનો વ્યાપ ઘણો મોટો છે. એક પૂરું થાય અને બીજું ઊગી નીકળે. આમ અપેક્ષાઓની અથડામણ ચાલ્યા કરે કારણ કે માનવ જાત સંતોષી નથી તેમજ માનવ જગતની સામાજિક વ્યવસ્થામાં તો દરેક વ્યક્તિ માટે અલગ અલગ વ્યાખ્યા હોય છે. ઈચ્છા, અપેક્ષાઓ જ્યારે ટકરાય ત્યારે અનર્થ સર્જાય. વિવેકના નેજા હેઠળ દલીલો દ્વારા એકબીજાની આશા-અપેક્ષાઓનું અપમાન

થઈ જાય છે. એકજૂટ રહેતા સંબંધોમાં ગાંઠ બંધાઈ જાય છે જે ક્યારેય ખૂલતી નથી. એક સંસ્થામાં વર્ષોથી સાથે કામ કરતા મેમ્બરોના વિચારોમાં ભીન્નતા કે વૈમનસ્ય હોય તો સૌથી ઊંચી પોસ્ટ પર બિરાજમાનના ધારેલા વિચારો સામે બીજા કાર્યકર્તાઓની અપેક્ષા ધૂળમાં મળી જાય, પછી ભલેને લેવાયેલો નિર્ણય અનુચિત હોય. તેથી આવકારદાયક તો એ જ છે કે, અપેક્ષાની પૂર્ણતાની શંકા હોય તો નિરાશ ન થતાં, બીજી અપેક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરી લેવું જ ઉચિત છે. એક ભમરો પોતાની પાંખમાં ફફડતી ક્ષણને લઈને એક ફૂલ પરથી બીજા ફૂલ પર. એનું ધ્યેય મધ પ્રાપ્તિ જ હોય છે એટલે એ નિરાશ નથી થતો. એ તો અપેક્ષાના બીજા ફૂલે જઈને બેસી જાય.

આપણે માનવે પણ ધારેલું ધ્યેય પામી ન શકીએ તો નિરાશ ન થતાં બીજા ધ્યેય પર મનને સ્થિર કરવા મક્કમ થઈએ અને આપણી આવનારી પેઢીમાં પણ સ્થિર રહેવાના સંસ્કાર ઉછેરીએ. ઈચ્છાઓ, આકાંક્ષાઓ, અપેક્ષાઓ માનવ જીવનમાં આવશ્યક છે, પરંતુ સાથે સમાધાન પણ અતિ આવશ્યક છે. ધાર્યું તો ઈશ્વર તત્વનું જ થવાનું છે પણ આવનારી પેઢીમાં સમાધાન સાધવાના સંસ્કારો તો માતા પિતાએ જ રોપવાના હોય. બાળક આંધી કે તોફાન આવે ત્યારે સ્થિર રહેતા શીખે. જીવનનો ઉદ્દેશ કેળવે. બીજાઓ પર પ્રભુત્વ કેળવવાની આકાંક્ષા એને જાગે તે પહેલાં એ પોતાની જાત પર કાબૂ મેળવે. વિવેકી બને. વિતેલા સંજોગોને વાગોળી ભવિષ્યના એવા આયોજન કરી શકે જે સાર્થક થઈ શકે. ફક્ત વિચારોમાં ન રહેતા, સમજણથી પોતાની મહત્વાકાંક્ષાને ન્યાય આપી શકે જેથી એ સાચી મહત્તાની સરળતાને, પોતાની બુદ્ધિમતાના ઔદાર્યને જાણી શકે. સાચી અને સફળ કેળવણી એટલે ઈચ્છેલું પરિણામ માત્ર ઊંડી અભીપ્સાથી નહિ પરંતુ મહેનત, જાત પરના પૂર્ણ વિશ્વાસથી પ્રાપ્ત થતું પરિણામ. ❁❁❁

# યાદ

- શિરીષભાઈ પરીખ (ચા ગરમ)

ભીંજાઈ જવાનું કારણ દર વખતે
વરસાદ જ નથી હોતો
ક્યારેક મનગમતી યાદોનું ઝાપટું પણ
પાંપણો પલાળી જાય છે....!!
ધરતી પર નભ નમે તો અમને ગમે,
આ મસ્ત મોસમમાં
કોઈ યાદ કરે તો અમને ગમે.
વરસાદ તો વરસે તેની તો આ મોસમ છે,
પણ કોઈની લાગણી
બે-મોસમ વરસે તો અમને ગમે...!!
અનોખી લાગે છે આજ વરસાદની મહેક,
નક્કી એ આજે વરસાદમાં પલળતી હશે.



આભ વરસે તો હું છત્રી લઈ લઉં,
પણ નયન વરસે તો હું શું કરું ?
સિંહ ગરજે તો હું ભાગી યે જાઉં,
પણ કોઈકનો અહંકાર ગરજે તો હું શું કરું ?
પગમાં કાંટો ખટકે તો કાઢી લઉં,
પણ કોકની વાત મનમાં ખટકે તો હું શું કરું ?
પીડા છલકે તો હું ગોળી લઈ લઉં,
પણ વેદના છલકે તો હું શું કરું ?
રસ્તે દેખાઓ તો સામેથી બોલાવી લઉં,
પણ તમે રસ્તો બદલી નાખો તો હું શું કરું ?

# પિતા

- સુધીર ધારીઆ

પત્ની તરફથી હંમેશા પતિને દોષીત ઠેરવવામાં આવે છે કારણ દિલના કઠોર અને નિર્દયી સમજવામાં આવે છે. અરે બાળકો પણ તેનું અનુકરણ કરતા હોય છે. કદીયે પિતાશ્રીનું કે પતિનું દિલ ઢંઢોળવામાં નથી આવ્યું કે તેમના દિલમાં અમારા માટે શું વિચારતા હશે. મનનો કઠોર એવો પતિ કે પિતા કઈ કેટલોય વિચાર કરતો હશે કે હું આ લોકો માટે સ્વર્ગનું સુખ પ્રાપ્ત થાય તેના માટે પોતાની જાત નિચોડી નાખે છે પણ હાયરે નસીબ ગણ્યા ગાંઠ્યા લોકોના નસીબમાં સુખ લખાયેલું હોય છે કે તેઓની ઈચ્છા પૂરી થતી હોય છે અને બન્ને જણ તરફથી પ્રેમ પ્રાપ્ત થાય છે. આજે અંગ્રેજોએ શોધી કાઢેલો દિવસ એટલે ફાધર્સ ડે. બીજા દિવસો પણ શોધી કાઢ્યા છે કે જેનું નામ આપવામાં આવ્યું છે મધર ડે, ચિલ્ડ્રન ડે. આ ત્રણેય વસ્તુ આપણે અપનાવી છે. બહુ સારી વસ્તુ કહેવાય. આ ત્રણેય દિવસો ઉજવવાથી ઘણા બધા નજીકમાં અવાય છે અને દિલમાં રહેલી ઈચ્છાઓને વાચા મળે છે. પિતાની ભાવના જ્યારે બહાર આવે છે કે પોતાની પુત્રીનું દુઃખી દિલ કન્યા દાનમાં આપીને કહે હવે મારા દિલનો ટુકડો ઘર છોડીને હંમેશ માટે ચાલી જવાની છે. ત્યારે વિદાય વખતની વેદના જીંદગી સુધી સંગ્રાયેલો પ્રેમ મુખ પર આવીને દિલથી આર્શીવાદ આપતો હોય છે ત્યારે ભલભલા ના દિલ પિગળી જતા હોય છે ત્યારે કદી નહીં નીકળેલો પ્રેમ બહાર આવે છે ત્યારે જેણે કઠોર દિલનાં ના સમજવાવાળા સમજી જાય છે કે અમારા માટે આટલો બધો પ્રેમ સંઘરી ને બેઠા હતા જે આજે બહાર આવ્યો. અમારી સમજવામાં ભૂલ થઈ છે કે પિતા કઠોર દિલનાં હતા. આજે પિતાને માન આપવાનો દિવસ એટલે અંગ્રેજોએ શોધેલો દિવસ એટલે ફાધર્સ ડે. દરેક બાળકોને નમ્ર વિનંતી કે પિતાને કઠોર નહીં સમજીને દિલથી માન આપીને ગર્વ અનુભવશો.

❊ ❊ ❊

## બાલાસિનોરનું ગૌરવ



**યુગ નિકેશ ગાંધી**

સાઉથ કોરીયાની ૧૪ મી કોરીયા ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પીયનશીપમાં ૨ બ્રોન્ઝ અને ૧ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા છે.



**કિઆન રીકીન દેસાઈ**

મુંબઈખાતે યોજાયેલ Mumbai District Kyurogi and Poomsae Championship 2023માં કિઆન ૧ ગોલ્ડ મેડલ, ૧ સિલ્વર મેડલ અને ૧ બ્રોન્ઝ મેડલ જીત્યા છે. તેમજ બેંગકોક, થાઈલેંડ ખાતે યોજાયેલ 6th Heroes International Championship 2023 માં ૨ બ્રોન્ઝ મેડલ જીત્યા છે.

**સંસ્થાવતી હાર્દિક અભિનંદન**


## દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)

**(જ્યોતિર્વિદ-મુંબઈ)**

**Sankalp Astrologist & Palmist**

તથા

**જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર, લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી, નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા, ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ, શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ, પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી, ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.**

**મો. - ૯૫૯૪૩૨૬૨૦૨**

# પારણાં : નંદ ઉત્સવ

- નિમિષા જીજ્ઞેશ કડકીઆ (મરઘા)



બાળ શ્રીકૃષ્ણનો જન્મ થવાથી મથુરા અને ગોકુળ ગામના લોકોના હૃદયમાં આનંદ-આનંદ વ્યાપી વળ્યો હતો. વ્હાલા કાનુડાના નંદ-જશોદા માતાના ઘેર પારણાં બંધાયાં હતાં. જ્યારે વાસુદેવ આકાશવાણીના લીધે નંદ અને જશોદાને ઘેર બાળ શ્રીકૃષ્ણને ટોપલામાં લઈને ગોકુળ મૂકી આવે છે, ત્યારે ગોકુળગામના લોકો મોટો ઉત્સવ મનાવે છે. નંદના ઘેર પારણાં બંધાયા હતાં તેવી જ રીતે રાધાકૃષ્ણના મંદિરોમાં કે બીજા સ્થાનકોએ, શેરી, મહોલ્લામાં કે સોસાયટીના ચોકમાં લોકો ઉત્સવ મનાવે છે. અહીં બાળ-શ્રીકૃષ્ણનાં પારણાં ઝુલાવવામાં આવે છે. તમામ ભક્તો શ્રધ્ધાપૂર્વક હર્ષ, ઉમંગ અને ઉલ્લાસથી આ જુદાં જુદાં પ્રકારનાં પારણાં ઝુલાવે છે ને નંદનાં ગીતો ગાય છે. ધર્મપ્રેમી ભક્તજનો બાળ શ્રીકૃષ્ણનાં દર્શન કરી ધ્યાનતા અનુભવે છે. તે બોલે છે ‘જય કનૈયાલાલ કી’.

આ પર્વ મથુરાનાં મંદિરોમાં ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ, ભાવપૂર્વક પૂજા-અર્ચના અને આરાધના થાય છે. ધર્મભક્તો સૌ પોતાના ઘેર કૃષ્ણના જન્મનું સ્થાનક તથા પારણું બનાવી ભગવાનને ઝુલાવે છે, તો કોઈ વૈવિધ્યભર્યા સોના-રૂપાના હિંડોળા બનાવીને બાળ કાનુડાને ઝુલાવે છે.

કૃષ્ણનો જન્મ મોહરાત્રીએ થયો હતો. તે વિષ્ણુ ભગવાનના અષ્ટમ અવતાર ગણાયા છે. આ રાત્રે શ્રી કૃષ્ણ ભગવાનનો પ્રાદુર્ભાવ થયો હતો. કૃષ્ણ શબ્દને અલગ કરીએ તો ‘કૃષ’ એટલે સત્તાવાચક ને ‘ણ’ એ આનંદદાયક. આ ભગવાનનો જન્મ જ્યોતિષશાસ્ત્ર મુજબ રોહિણી નક્ષત્રમાં થયો હતો. આ નક્ષત્ર એટલે પૃથ્વીને સંતુષ્ટ કરીને ધનધાન્યની વર્ષા કરનાર નક્ષત્ર.

વિષ્ણુ એટલે સૃષ્ટિના પાલક. કૃષ્ણ જન્મનું પ્રતીકાત્મક મહત્ત્વ સમજી શકાય તેવું છે. ચોમાસું બેસે, પૃથ્વી લીલછમ બની જાય ને ખેડૂતો આનંદ ઉત્સવ ઉજવે. પ્રભુ જેલના સળિયા પાછળ જન્મ્યા. શ્રીકૃષ્ણની બંસરી નાદબ્રહ્મનું પ્રતિક છે. કૃષ્ણ અને યશોદાનો સંબંધો માતા અને પુત્રનો તો છે જ પરંતુ યશોદા સૃષ્ટિની બધી જ માતાઓના વાત્સલ્યભાવનાનું પ્રતિક છે. કૃષ્ણનો અવતાર એ આપણી ભીતરમાં પ્રગટ થતો અલૌક્કિ દિવ્ય પ્રકાશનો જ જન્મ છે. મોહરાત્રિના ગર્ભમાં છુપાયેલો આ પ્રકાશપુંજ છેવટે આપણી અંદર જ સાક્ષાત પ્રગટ થાય છે.

સનાતન હિંદુ ધર્મનો પવિત્ર ધર્મગ્રંથ ભગવદ્‌ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કુરુક્ષેત્રમાં કૌરવો અને પાંડવોના યુદ્ધ વખતે અર્જુનને ઉપદેશ આપાતાં કહે છે :

**यदा यदा हि धर्मस्य ग्लानि भवति भारत ।**


**अभ्युत्थानम धर्मस्य तदाऽऽत्मानं सृजाम्यहम् ।।**

**અર્થાત :** ‘જ્યારે જ્યારે ધર્મનો નાશ થશે ત્યારે હું જન્મ ધારણ કરીશ.’

ભગવાન શ્રીકૃષ્ણએ લોકોનાં પાપનો નાશ કરવા જ માનવ અનવતાર લીધો. તેમનો જન્મ એક કારાવાસમાં થયો. સુંદર શય્યાને બદલે વરસતા વરસાદમાં વાસુદેવ એક ટોપલામાં બાળ કૃષ્ણને ગોકુળ મૂકી આવે છે. તેમનો જન્મ સામાન્ય જગ્યાએ થયો. પોતે રાજવી હોવા છતાં પણ તેમનો ઉછેર પોતાનાં પાલક માતા પિતા નંદ-જશોદા કરે છે, તેમનો ઉછેર અભણ ગૌપાલકો વચ્ચે ગોકુળના ગામડામાં થાય છે. તેમનું શૈશવ ગામડાની ધૂળમાં વીતે છે.

❈❈❈

ડૉ. આશીશ રજત મોદી



## ।। શ્રી ગોકુલનાથો જયતિ ।।

## વધાઈ વધાઈ વધાઈ

# મંગલ અવસર આપણે દ્વાર

સર્વદા સેવ્ય શ્રી ગોકુલનાથપ્રભુચરણશરણ અનુરાગી સેવક-વૈષ્ણવ બંધુજન !

જૈ જૈ શ્રી ગોકુલેશ

આપ સહુને જણાવતાં આનંદ થાય છે કે **પૂજ્યચરણ શ્રીપરમગુરુદેવ ગોસ્વામી શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી** ના આર્શીવાદથી **પૂજ્યચરણ શ્રી ગુરુદેવ શ્રીચતુર્થપીઠાધીશ્વર ગોસ્વામી શ્રીવિઠ્ઠલરાય**ની આજ્ઞા અને સાનિધ્યમાં **શ્રીમદનમોહનજી મંદિર, બાલાસિનોર** ખાતે મંગળ સમાયોજન થવા જઈ રહ્યા છીએ.

આ અવસરની વિસ્તૃત વિગત પૂજ્યચરણ શ્રીગુરુદેવની આજ્ઞા પ્રાપ્ત કરી 'જ્યોતિપુંજ' ના આગામી અંકમાં જણાવવામાં આવશે.

**આ મંગલ અવસર**

**ગુર્જર કાર્તિક સુદ ૧ થી કાર્તિક સુદ ૩ સંવત ૨૦૮૦**

**તદનુસાર તા. ૧૪-૧૧-૨૦૨૩ થી ૧૬-૧૧-૨૦૨૩ રહેશે**

**શ્રી ગોકુલનાથકી જૈ**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં માહે મે ૨૦૨૩ ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, ઓપીડી તેમજ સર્જીકલ ડ્રેસીંગ, આંખ, માનસિક, સોનોગ્રાફી, મોબાઈલ, ફિજીયોથેરાપી તેમજ ઈમરજન્સીમાં કુલ ૬૩૨૧ દર્દીઓએ, એક્ષરે વિભાગમાં ૪૪૦ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૪૮૧૮ દર્દીઓએ લાભ લીધેલ છે. સર્જનના મેજર ઓપરેશન ૦૬, માયનોર ઓપરેશન ૧૦, ગાયનેકના મેજર ૨૭ ઓપરેશન પૈકી ૦૧ કુટુંબ કલ્યાણનાં તથા ૦૧ માયનોર ઓપરેશન તથા ઈ.એન.ટી. માયનોર ૨૧ ઓપરેશન તેમજ આંખના મેજર ઓપરેશન ૮૦ કરવામાં આવેલ છે. તેમજ દવાની કુલ માફી રૂા. ૬૭૯૦૮૮/- તેમજ ઈનડોરમાં રૂા. ૨૯૫૩૫/- ની માફી તેમજ ઓ.પી.ડી.માં (લેબ, એક્ષરે, ઓક્સિજન વિગેરેમાં) રૂા. ૩૮૭૮૦/-ની માફી મળીને કુલ રૂા. ૭૪૭૪૦૩/- ની માફી કરવામાં આવેલ છે.

**હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ**

**૧. કુસુમબેન કિર્તનલાલ પારેખ છારીનો કેમ્પ :** તા. ૧૯.૦૫.૨૦૨૩ ના રોજ ૩૫ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

**૨. મણીબેન મોહનલાલ શાહ (વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરશી) ઈકો કેમ્પ : તા.** ૦૪.૦૫.૨૦૨૩ ના રોજ ૨૮ દર્દીઓના તથા તા. ૧૮.૦૫.૨૦૨૩ ના રોજ ૪૬ દર્દીઓના ઈકો રાહત દરે કરવામાં આવેલ.

**કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશીયાલીટી સેન્ટર**માં માહે મે ૨૦૨૩ ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈ.એન.ટી., ઓર્થો, સ્કીન, ડેન્ટલ, ઈમરજન્સી યુરોલોજી તેમજ ગેસ્ટ્રોલોજીનાં મળી કુલ ૧૯૯૫ દર્દીઓએ તથા ઈનડોર માં ૧૨૪ દર્દીઓએ, એક્ષરે વિભાગમાં ૨૧૫ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૯૪૬ દર્દીઓએ તેમજ સીટીસ્કેન વિભાગમાં ૫૬ દર્દીઓએ લાભ લીધેલ છે. તેમજ જનરલ સર્જરી નિદાન કેમ્પમાં ૧૪ દર્દીઓએ લાભ લીધેલ છે. તેમજ રૂા. ૯૨૧૭/- ની દવા માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૧૯૩૦૦/- ની માફી કરવામાં આવેલ છે તથા ડાયાલીસીસમાં સરકારશ્રીની યોજના હેઠળ ૨૬૦ દર્દીઓએ લાભ લીધેલ છે.

**શ્રીમતી કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ મણિલાલ લાકડાવાલા ચેરીટેબલ ટ્રસ્ટ ડાયાબીટીસ નિદાન કેમ્પ :** તા. ૦૪-૦૬-૨૦૨૩ને રવિવારના રોજ સવારના ૧૦.૦૦ થી ૧.૦૦ દરમિયાન યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૨૯ દર્દીઓ નોંધાયેલા તે પૈકી ૨૨ દર્દીઓ હાજર રહેલા. તેમજ ૨૩ દર્દીઓના રૂા. ૭૬૧૦/- ના પેથોલોજી રિપોર્ટ વિના મુલ્યે કરવામાં આવેલ. ૨૨ દર્દીઓને રૂા. ૯૧૭૯/- ની વીસ દિવસની દવા વિના મુલ્યે આપવામાં આવેલ. આમ આ કેમ્પમાં કુલ રૂા. ૧૬૭૮૯/- ની માફી કરવામાં આવેલ. આ કેમ્પમાં આપણા ટ્રસ્ટી અને આણંદના ફીઝીશીયન ડૉ. શિશિરભાઈ પી. ગાંધી (એમ.ડી.-મેડીસીન) તથા તેઓના ડૉક્ટરોની ટીમ ખાસ હાજર રહેલા. તેમજ આપણી કે.એસ.પી. હોસ્પિટલના ફીઝીશીયન ડૉ. વિરલ પટેલ પણ આ કેમ્પમાં હાજર રહેલા.

## કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન

૧) શ્રી ચંદ્રવદન શાંતિલાલ શાહ — રૂા. ૧,૦૦,૦૦૦/-

જ્યોતિપુંજના માહે નવેમ્બર - ૨૦૨૨ ના અંકમાં નર્સિંગ કોલેજના બાંધકામ માટે જે અપીલ કરવામાં આવી હતી તે અપીલનો સર્વે સખાવતી દાતાશ્રીઓએ યોગ્ય પ્રતિસાદ આપવા અને ઉદાર હાથે દાન આપવા વિનંતી. સ્કીમો અંગે શ્રી વ્રજેશભાઈ દેસાઈ (૯૮૨૦૦૩૯૩૦૪) તેમજ આ અંગે અપીલમાં જણાવેલ હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી.

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને એ.એન.એમ. નર્સિંગ કોર્સ તથા બી.એસ.સી. નર્સિંગ કોલેજની ગુજરાત નર્સિંગ કાઉન્સિલ તરફથી મળેલ માન્યતા મુજબ આ બેઉ કોર્સ ચાલુ થઈ ગયેલ છે.

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત યોજનામાં રૂા. ૧૧૦૦૦/-** નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા વિનંતી. **કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા વિનંતી.**

**શ્રી પરેશ પરીખ / શ્રી જતીન દેસાઈ - માનદ્ મંત્રીશ્રીઓ**

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોત્તેજક મંડળ
# બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરીટેબલ ટ્રસ્ટ

સૌ બાલાસિનારવોસીઓની જાણ ખાતર આપણી જ્ઞાતિનું તથા સમાજનું ગૌરવવતું ઉપરોક્ત મંડળ જે પ્રથમ મંડળ છે. જે **'૧૦૦ વર્ષ'**ની ઉજવણી કરી રહ્યું છે.

આ ઉજવણી પ્રસંગે આપણા આ મંડળે તા. ૧૧-૨-૨૦૨૪, રવિવારના રોજ વાય.બી.ચૌહાણ ઓડીટોરીયમ, સચિવાલય ખાતે રંગારંગ કાર્યક્રમ સવારે ૯.૩૦ કલાકે આયોજન કરવાનું નક્કી કર્યું છે.

આ પ્રસંગે મંડળના ૭૫ વર્ષથી ૧૦૦ વર્ષની ગાથા રજૂ કરતું એક સોવિનિયર પણ રજુ કરીશું. આ માટે જાહેરખબર લેવાની છે. જેની વિગત હવે પછી જણાવીશું.

વિદ્યાદાન એ શ્રેષ્ઠ દાન છે. પાયાનું શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ દ્વારા યુવક કાબેલ બને છે. પગભર થઈ આજીવિકા પ્રાપ્ત કરવા સમર્થ બને છે. સમગ્ર સમાજનું ગૌરવ વધે છે.

ઉપરોક્ત ઉજવણી પ્રસંગને દિપાવવા મંડળ, મંડળ સંચાલિત પ્રવૃત્તિ ફી સહાયને વેગ આપવા માટે પ્રયત્નશીન રહેલ છે અને ભવિષ્યમાં આપ સૌના સહકારથી પ્રગતિ કરતું રહેશે. આજના આ પ્રસંગે અમો સખાવતી દાતાઓને વિનંતી કરીએ છીએ કે આપ આપનો યથાશક્તિ ફાળો અમોને આપીને અમારા 'ફી સહાય' પ્રવૃત્તિને વગ આપશો. ઉપરોક્ત મંડળ તથા ચે.ટ્રસ્ટ જરૂરીયાતમંદ વિદ્યાર્થીને ફી સહાય કરે છે. જેમાં સ્કૂલ ફી, કૉલેજ ફી, વિદેશ ભણવા જવા માટેની ફી તથા અન્ય ફી ની મદદ કરે છે.

આ પ્રસંગે અમો એ ભંડોળ સમિતીની રચના કરી છે. જેના નામ અને નંબર નીચે મુજબ છે તો આપ સૌના સાથ સહકારની અપેક્ષા.

| | | | |
|---|---|---|---|
| **ભંડોળ કન્વીનર :** | **શ્રી નિમીષ મનહરલાલ કડકીઆ** | - | **૯૮૧૯૪૩૭૩૨૧** |
| | **શ્રી વ્રજેશ નવનીતલાલ દેસાઈ** | - | **૯૮૨૦૦૩૯૩૦૪** |
| | **શ્રી અનીશ સુરેન્દ્ર ગાંધી** | - | **૯૮૨૧૧૨૫૫૮૦** |
| | **શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી** | - | **૯૯૨૦૨૧૩૪૨૬** |


**પ્રમુખ : અસીત રમેશચંદ્ર દેસાઈ**

**કન્વીનર : પરેશ રસિકલાલ પરીખ**

---

## કૈલાસમાં ડમરુ ડમડમ વાગે

કૈલાસમાં ડમરું ડમડમ વાગે - શંકર સમાધિમાં જાગે રે - ડમરું
ભીલડી સ્વરૂપે માતા ઉમિયા નાચે-બ્રહ્મા નગારાં વગાડે - ડમરું
શંકરને ભાલે ચંદ્ર બિરાજે - વાઘાડંબર એને શોભે રે - ડમરું
શંકરની જટામાં ગંગા બિરાજે - નાગ દમણ એને શોભે રે - ડમરું
સ્મશાન કેરાં ભૂતડાં રે નાચે - ભૈરવ ધૂન મચાવે રે - ડમરું
ઈંદ્રલોકથી ઈંદ્રાણી આવીયાં - તાલીઓમાં તાલ મિલાવે રે - ડમરું
બ્રહ્મલોકથી બ્રહ્માણી આવીયાં - તેજમાં તેજ મિલાવે રે - ડમરું
પાતાળલોકથી નાગણીઓ આવી - ધરતીને ધ્રૂજાવે રે - ડમરું
ભક્તો સર્વે દરશને આવે - ભક્તોનાં દિલડાં ડોલે રે - ડમરું



# શુદ્ધ પ્રેમના સ્વરૂપ શ્રી ગોકુલનાથજી

\- દક્ષેસ ગોર

K એક દિવસ આપ શ્રી સેવામાં જઈ રહ્યા હતા ત્યારે એક કાગળનો ટુકડો તેમની ઉપર પડયો એટલે ખવાસે કહ્યું હે રાજ, હવે આપને સ્નાન કરવું પડશે ને? શ્રી ગોકુલનાથજી એ કાગળનો ટુકડો હાથમાં લીધો એમાં લૈલામજનું ના શુદ્ધ પ્રેમનો પ્રસંગ લખેલો હતો એટલે આપશ્રી એ હસીને આજ્ઞા કરી કે શુદ્ધ પ્રેમથી અપરસ છોવાતી નથી. આપશ્રી ત્યાંથી સીધા જ સેવામાં પધાર્યા. શુદ્ધ પ્રેમનું મહાત્મય !!

K એકવાર ઠંડીમાં રાત્રીના આપશ્રી બહાર પધાર્યા હતા. આપે ડગલો ધારણ કરેલો હતો. ખવાસે આપને પૂછયું કે હવે આ કેવી રીતે શુદ્ધ કરવો? ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કે આ ડગલા ને કોઈ વૈષ્ણવનો સ્પર્શ કરાવી દો. કેવો અદ્ભૂત ભાવ વૈષ્ણવના સ્વરૂપમાં !!

K એક સમયે વૈષ્ણવો મનોરથનો પ્રસાદ લેવા બેઠા હતા. બધા આનંદથી પ્રસાદ લઈ રહ્યા હતા પણ એક વૈષ્ણવની આંખમાંથી આંસૂ ટપકી રહ્યા હતા. તે પ્રસાદ લઈ રહ્યો નહોતો. બીજા બધા વૈષ્ણવો અંદર અંદર વાતો કરવા લાગ્યા કે કેવો છે મનોરથના પ્રસાદ લેવાના સમયે રડે છે. એવામાં શ્રી ગોકુલનાથજીનું ધ્યાન તે વૈષ્ણવ તરફ ગયું. આપશ્રીએ તેને પાસે બોલાવી કહ્યું કે તું ઘેર જઈને પ્રસાદ લે. પછી તે વૈષ્ણવના ગયા પછી બીજા વૈષ્ણવોએ કારણ પૂછતા આપશ્રીએ કહ્યું કે તે વૈષ્ણવના હૃદયમાં એવા ભાવ હતો કે હું તો મારા શ્રી ઠાકોરજીની સાદી સામગ્રીનો ભોગ ધરીને આવ્યો છું અને અહીંયા તો જાત જાતના પકવાનો નો મહાપ્રસાદ છે તો મારાથી કેવી રીતે લેવાય એમ વિચારી તેનું હૃદય ભરાઈ આવતા તે રડતો હતો. પોતાના સેવ્ય સ્વરૂપ ઉપર કેવો પ્રેમ! ધન્ય છે આવા વૈષ્ણવોને...!!

**આવા શુદ્ધ પ્રેમના સ્વરૂપ શ્રી ગોકુલનાથજી**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

D **શ્રી સમીર ગુણવંતલાલ પરીખ (જૂનાગઢવાળા)**
શીતલ હાઈટ્સ કો. હા. સોસાયટી,
ફ્લેટ નં.-૨૦૧, ૨ જે માળે,
હાલાઈ લોહાણા મહાજન વાડીની બાજુમાં,
ખત્તર ગલી, સી.પી.ટેન્ક, મુંબઈ - ૪૦૦૦૦૪
સમીર પરીખ - ૯૩૬૯૪૩૯૦૪૫
દેવીયાની પરીખ - ૯૯૬૯૮૩૩૮૪૫

D **નટવરલાલ ચુનીલાલ ટ્રેડીંગ કાું.**
જ્યોત્સના બિલ્ડીંગ, પ્લોટ નં.-૨૩૦, પહેલે માળે,
ફ્લેટ નં.૨, ૬૦ ફિટ રોડ, આર.બી. મહેતા માર્ગ,
કોટક બેંકની બાજુમાં, ઘાટકોપર (ઈ), મુંબઈ- ૭૭
(મો.) ૯૮૧૯૫૮૨૫૬૨

## તેજસ્વી તારલા

D **ધ્રુવીલ નિરેન ધારીઆ** CBSE 12th Board 87.0%

D **દિશા તેજશ** ગાંધી CBSE 12th Board 82.0%

D **હેનીલ રીપલ દેસાઈ** CISCE/ICSE, 10th Board 96.60 %

D **શ્રેયા જસ્મીન શેઠ** Completed Masters in Fashion And Luxury Goods Management.

**ઉત્તિર્ણ થનાર સૌ વિદ્યાર્થીઓને સંસ્થાવતી હાર્દિક અભિનંદન**

## મૃત્યુ નોંધ

| | ઉ.વ. |
|---|---|
| D દીપક શાંતિલાલ શાહ (પડાળવાળા) | ૭૬ |
| D સુવર્ણા ભરત પરીખ | ૭૦ |
| D સરલાબેન ચંદ્રવદન પરીખ (લહેંટા) | ૮૨ |
| D શોભનાબેન શરદ કડકીઆ (ધંગેલા) | ૭૩ |
| D મંજુલાબેન શાંતિલાલ શાહ (પડાળવાળા) | ૭૬ |
| D સાવિત્રી એન. પરીખ (સહદેવ) | |


**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

Authorised Distributors

# POLYCAB

## WIRES & CABLES



- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA** +91 9769025153

# PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

Publishing day 20th of every month

40

JYOTI PUNJ - July - 2023

WPP License No. MR/TECH/WPP-147/South/2021-23
Regd.No.MCS / 050 / 2021-23
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 Years

ANUKOOL selections

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH    RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.Contact: 2361 2848 - 2369 4166, 9930635579
E: anukoolselections@gmail.com, W: www.anukoolselections.com

IES

Celebrating 25th Year

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS

Your Indian Distribution Partner

Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE AVA AVOLITES MADRIX LIGHTING CONTROL HK AUDIO

ANOLIS Lucenti ASHLY lumenradio Luminex CAPTURE PENTON DJPOWER

Concept · Design · Installation · Supply · Training · Maintenance

E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

To,

If not delivered please return to
JYOTI PUNJ
Shree Balasinor Navyuvak Sangh
118/120, Ardeshar Dadi Street, 2nd Floor,
V.P.Road, Mumbai - 400004.

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh &
Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.